# આવતીકાલથી તાના-રીરી મહોત્સવ

મહેસાણા, તા.૭

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે બુધવાર અને ગુરૂવારના રોજ સાંજે ૦૭-૩૦ કલાકે તાના-રીરી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તાના-રીરી મહોત્સવમાં રાજયના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, ભારત સરકારના પ્રવાસન મંત્રી ડો.મહેશ શર્મા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે.

૯ નવેમ્બર બુધવારના રોજ તાના-રીરી મહોત્સવનો પ્રારંભ રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ કરનાર છે. આ દિવસે નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે સાંજે ૦૬-૪૫ મિનિટે સ્માર્ટ આંગણવાડી તેમજ સ્માર્ટ પોલીસ સ્ટેશનનું લોકાર્પણ કરાશે. આ ઉપરાંત તાના-રીરી ગાર્ડન ખાતે પ્રદર્શન ગેલેરી લોકોને નિહાળવા માટે ખુલ્લી મુકશે.આ દિવસે કથ્થક નૃત્યાંગના નલીની-કમીલીની મહોત્સવનો પ્રારંભ કરાવશે. આ ઉપરાંત સુશ્રી પંચમધારી દ્વારા ગાયન, સુશ્રી કલા રામનાથ દ્વારા વાયોલીન વાદન અને સુશ્રી અમી પરીખ દ્વારા ગાયન રજુ કરાશે. આ દિવસે જિલ્લાના પ્રભારી મંત્રી દિલીપકુમાર ઠાકોર, યુવક અને સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓનો સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી ઉપસ્થિત રહેનાર છે.

૧૦ નવેમ્બરના રોજ તાના-રીરી સંગીત સન્માન એવોર્ડમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહેનાર છે. આ દિવસે સાંજે ૦૫-૪૫ કલાકે મહાનુભાવો સાથે પુરાતત્વ વિભાગની ઉત્ખનન સાઈટની મુલાકાત તથા ભુમિપૂજનમાં ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ૫૦૦ જેટલા સંગીત તજજ્ઞો, વિદ્યાર્થીઓ દ્વારા હાર્મોનિમય પર રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત રજુ કરી ગ્રીનીસ બુક ઓફ વિશ્વ રેકોર્ડમાં નામ નોંધવાનું છે તેમાં ઉપસ્થિત રહેનાર છે. આ સિવાય હાટકેશ્વર મંદિર ખાતે દર્શન અને અતિથિગૃહનું લોકાર્પણ કરાશે.આ દિવસે સાંજે ૦૭-૩૦ કલાકે તાના-રીરી ગાર્ડન ખાતે તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ અર્પણ કરશે.

આ દિવસે સુશ્રી ડો.લલીતા રાવ બેંગ્લોર અને સુશ્રી મંજુબહેન મહેતાને તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ અપાશે.



ગૌ-પૂજન - વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા નવા વર્ષ નિમિત્તે અમદાવાદ ખાતે ગૌ-પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય નેતા ડૉ. પ્રવિણ તોગડીયાના હસ્તે ગૌ-પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.



જલારામ જયંતિ - ગુજરાતના પ્રસિદ્ધ સંત જલારામ બાપાની જન્મ જયંતિ નિમિત્તે પાલડી મંદિર ખાતે અન્નકૂટ યોજાયો હતો... ભૂખ્યાને ભોજન આપવાના મંત્રને ચરિતાર્થ કરનાર જલારામ બાપાની જન્મજયંતિએ દરિદ્રનારાયણનો અન્નકૂટ યોજાયો હતો...

# રાજ્યમાં સેવા સેતુ કાર્યક્રમને વ્યાપક જનપ્રતિસાદ

ગાંધીનગર, તા.૭

રાજ્ય સરકાર દ્વારા પ્રજાકીય પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવા માટે પારદર્શિતા દ્વારા પ્રજાના વ્યક્તિગત અને સામૂહિક પ્રશ્નોનો સત્વરે નિકાલ લાવવા માટે રાજ્યભરમાં સેવાસેતુ કાર્યક્રમનો પ્રથમ તબક્કો સંપન્ન થયો જેને રાજ્યભરમાં વ્યાપક જન પ્રતિસાદ સાંપડ્યો છે અને આગામી સમયમાં રાજયના તમામ ગામડાંઓને આવરી લેવા રાજ્ય સરકારનું આયોજન છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ભૂજથી શરૂ કરાયેલા આ કાર્યક્રમમાં રાજ્યના મહેસૂલ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ ધોળકા ખાતે તથા અન્ય કેબિનેટ મંત્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ તથા સંસદિય સચિવો, સાંસદશ્રીઓ, ધારાસભ્યોએ વિવિધ જિલ્લાઓમાં અને મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવ શ્રી કુ.એસ. અર્પણાએ બનાસકાંઠા જિલ્લાના દાંતા-અમીરગઢ ખાતે, સામાન્ય વહીવટ વિભાગના સચિવ શ્રી સંજીવકુમારે ગાંધીનગર ખાતે, સચિવશ્રી વી.પી.પટેલે જામનગર જિલ્લાના લાલપુર ખાતે, સાયન્સ અને ટેકનોલોજી વિભાગના સચિવ શ્રી ધનંજય દ્વિવેદીએ મહેસાણા ખાતે ઉપસ્થિત રહીને પ્રજાજનોના પ્રશ્નો સાંભળ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સ્થાનિક જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સરાહનીય કામગીરીના પરિણામ સ્વરૂપ લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

રાજ્યભરમાં યોજાયેલા આ સેવા સેતુ કાર્યક્રમોમાં ૩૩ જિલ્લાઓના ૧૨૪ તાલુકાઓમાં આ કાર્યક્રમનું આયોજન થયુ હતુ જેમાં ૧૩૩૦ ગામડાઓને આવરી લેવાયા હતા. આ કાર્યક્રમ હેઠળ રાજ્યભરમાંથી કુલ ૭૯,૭૩૬ અરજીઓ મળી હતી તે પૈકી ૭૨,૧૫૭ અરજીઓનો હકારાત્મક નિકાલ સ્થળ પર જ કરાયો હતો. જયારે ૩૪૦ અરજીઓનો નકારાત્મક નિકાલ કરાયો છે.

## પ્રમુખપદ માટે મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળી શકે છે તેની ચર્ચા છે ત્યારે સર્વેક્ષણ મુજબ હિલેરીને ૨૬૮ ચૂટાયેલા મંડળોના મત મળી શકે છે. જ્યારે ટ્રમ્પને ૨૦૪ મત મળી શકે છે. છેલ્લા પ્રચારમાં ડોનાલ્ડ ટ્રમ્પે એક સભામાં કહ્યુ છે કે હિલેરી ક્લિન્ટનની નિતીઓના કારણે સ્કુલોમાં ત્રાસવાદને પ્રોત્સાહન મળશે. હિલેરી પર પ્રહાર કરતા તેમણે કહ્યુ હતુ કે હિલેરીએ અપરાધિક ગતિવિધી અને ભ્રષ્ટ ચુકવણીને છુપાવવા માટે એક ગેરકાયદે સર્વરની રચના કરી હતી. જો હિલેરી જીતી જશે તો એક અભૂતપૂર્વ સંકટ સર્જાશે. તેમની સામે કેટલીક એફબીઆઈ તપાસ ચાલી રહી છે. અમેરિકામાં આ વખતે પ્રમુખ બનવા માટે ડેમોક્રેટ્સ ઉમેદવાર હિલેરી ક્લિન્ટન અને રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે સીધી સ્પર્ધા જોવામાં આવશે. રાજકીય દાવપેંચનો દોર ચાલી રહ્યો છે.

## કોંગ્રેસ પ્રમુખ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી છે. કોંગ્રેસે સંગઠન ચૂંટણીને પહેલાથી જ એક વર્ષ માટે ટાળીને ડિસેમ્બર ૨૦૧૬ કરવાનો નિર્ણય કર્યો છે. પાર્ટીમાં નિર્ણય લેનાર ટોચની સંસ્થા કોંગ્રેસ કારોબારીની બેઠકમાં આરોગ્યના કારણોસર સોનિયા ગાંધી ઉપસ્થિત રહ્યા ન હતા. મોડેથી એક બાબત સ્પષ્ટ થઈ ગઈ હતી કે, હાલમાં રાહુલ ગાંધીને પક્ષ પ્રમુખ બનાવવામાં આવશે નહીં. પાર્ટીના સૂત્રોએ કહ્યું છે કે, સંગઠનની ચૂંટણી એક વર્ષથી વધારે સમય માટે ટાળવાની જરૂર એટલા માટે છે કે, ચૂંટણી કરવા માટે ખુબ ઓછો સમય રહ્યો છે અને પાર્ટીને આગામી વર્ષે યોજાનાર ચૂંટણી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. કેટલાક એવા લીડરો છે જેને આ બાબતને લઈને મતભેદ છે કે, રાહુલને ક્યારે પ્રમોટ કરવામાં આવશે. આ લીડરો ઈચ્છતા હતા કે, આ કામને આગામી વિધાનસભાની ચૂંટણી સુધી ટાળી દેવામાં આવે. કોંગ્રેસ કારોબારીની બેઠકમાં વર્તમાન રાજકીય સ્થિતિ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આમા એનડી ટીવી ઉપર એક દિવસ માટે પ્રતિબંધ મુકવાનો મુદ્દો પણ છવાયેલો રહ્યો હતો.

## એક કરોડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યું હતું કે, આમા કોઈ જનહિત સામેલ નથી. આ નિર્ણય ઉપર નાયબ રાજ્યપાલની મંજુરી હજુ મળી શકી નથી. પ્રધાનમંડળ દ્વારા જે કંઈપણ નિર્ણય લેવામાં આવે છે તે નિર્ણયને મંજુરી માટે નાયબ રાજ્યપાલ પાસે મોકલવામાં આવે છે. અવધ કૌશિક દ્વારા દાખલ કરવામાં આવેલી જનહિતની અરજીમાં ગ્રેવાલને શહીદ જાહેર કરવાને લઈને આમ આદમી પાર્ટી સરકારના નિર્ણય સામે વિરોધ કરવામાં આવ્યો હતો. અરજી કરનારે કોર્ટમાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આત્મહત્યા જેવા કૃત્યને ગૌરવ આપવાની બાબત હાથ ધરવી જોઈએ નહીં. આનાથી નુકસાન થઈ શકે છે. પેન્શનને લઈને દિલ્હીમાં આત્મહત્યા કરી લેનાર સેનાના પૂર્વ સુબેદાર રામકિશન ગ્રેવાલના પરિવારને કેજરીવાલે એક કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી જેના ઉપર હવે હાઈકોર્ટે સ્ટે મુકી દીધો છે.

## નગરજનોનો રોષ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એટલુ જ નહી દર્દીઓને ખાનગી વાહનોમાં કેમ લઈ જવાય છે તેવા અણિયાળા સવાલો પણ કર્યા હતા. ટીમે પ્રસુતિ માટેની ઉપલબ્ધ સુવિધાઓ, આશા કાર્યકરની કામગીરી તેમજ અર્બન હેલ્થ સેન્ટરને અપાતી ગ્રાન્ટ અને ખર્ચની વિગતો જાણવાનો પણ ચકાસણી દરમ્યાન પ્રયાસ કર્યો હતો.

આ ટીમે અચાનક ઉનાવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની પણ મુલાકાત લીધી હતી આ પછી માણસાના પુંધરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ માણસાની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલની પણ મુલાકાત લઈ અને નાની નાની બાબતોની જાણકારી મેળવી હતી.

કેટલી પ્રસુતિ થાય છે, કેમ ખાનગીમાં પ્રસુતિની સંખ્યા વધારે છે, લાભાર્થીને કયા લાભ આપવામાં આવે છે ખિલખિલાટ વાન ક્યારે ઉપલબ્ધ થાય છે જેવા પ્રશ્નો પણ ટીમના અધિકારીઓએ પુછ્યા હતા.

ટીમની એક પેટા ટીમે જિલ્લા પંચાયત ખાતે ઓડિટની કામગીરી પણ કરી હોવાનું જાણવા મળેલ છે.

## વાવણીનો અંદાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં ખાસ કરીને દહેગામ, ગાંધીનગરમાં ઘઉં અને બટેટાનું વાવેતર શરૂ થઈ ગયુ છે. ઘઉંના પાકનું વાવેતર તેમજ બટેટાનું વાવેતર પણ વધારે થશે અને તે ૧૫મી ડિસેમ્બર સુધી ચાલશે તેમ મનાઈ રહ્યુ છે.

અત્યારે જે રીતે હવામાનની સાનુકૂળતા પ્રવર્તી રહી છે તે જોતાં ખેડૂતોમાં સારો ઉત્સાહ રવિસિઝનની વાવણીને લઈ જોવા મળી રહી હોવાનો તંત્રના સૂત્રોએ વાત સ્વીકારી છે. જિલ્લામાં રવિ સિઝનની વાવણી માટે બિયારણ ખાતરનો પુરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## કચેરી રામભરોસે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુપરવિઝન કરતો હોય તેમ ઓફિસ અવર્સ દરમિયાન કર્મચારીઓ બેરોકટોક ગમે તેમ અવરજવર કરે છે.ગુટલીબાજ કર્મચારીઓના સાહેબ ફિલ્ડમાં હોય કે આરામમાં પરંતુ કચેરીઓમાં લાઈટ પંખા બંધ કરવાની તસ્દી સુધ્ધા લેવાતી નથી. સરકાર એકબાજુ સોલાર સિસ્ટમને પ્રોત્સાહીત કરવા ઉપરાંત વિજળી બચત માટે એલ ઈ ડી લાઈટના પ્રોજેકટને પ્રમોટ કરવાની મથામણ કરે છે ત્યારે સરકારી કચેરીઓમાં વિજળીનો બેફામ બગાડ થતા આમ નાગરિકોનુ મોં વંકાયુ છે. કચેરીના સમયે કોઈ જવાબદાર કર્મચારી કે અધિકારી ન મળતા નાગરિકોનો રોષ વધી રહયો છે.

નૂતન વર્ષાભિનંદન...

સમાજને મૂલ્યનિષ્ઠ શિક્ષકો આપવાનો સરાહનીય પ્રયાસ કરતી સંસ્થા...

નૂતન વર્ષ સર્વ રીતે મેધાવી વર્ષ બની રહે, સૌની પ્રગતિ થાય, શિક્ષણ ક્ષેત્રે વર્ષ યશસ્વી બની રહે તેવી હાર્દિક શુભકામના....

શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ, તલોદ સંચાલિત

શ્રી રમણલાલ કાળીદાસ પટેલ

કોલેજ ઓફ એજ્યુકેશન-કરમીપુરા

સતત સર્વોચ્ચ પરિણામથી
ઉત્તર ગુજરાત યુનિ.ની
અગ્રેસર બી.એડ. કોલેજ
(કોલેજ સ્થાપનાને ૧૦ વર્ષ)



- શ્રી બાબુભાઈ રમણલાલ પટેલ - મંત્રીશ્રી
- શ્રીમતી અમિતાબેન બાબુભાઈ - મેનેજીંગ ટ્રસ્ટી
- શ્રી નિરવકુમાર બાબુલાલ - ટ્રસ્ટીશ્રી
- શ્રીમતી બિનાબેન નિરવકુમાર - ટ્રસ્ટીશ્રી
- શ્રી આશિષકુમાર બાબુભાઈ પટેલ - ટ્રસ્ટીશ્રી
- શ્રીમતી કિંજલબેન આશિષભાઈ પટેલ - ટ્રસ્ટીશ્રી
- શ્રી હસમુખભાઈ મોહનલાલ પટેલ - ટ્રસ્ટીશ્રી
- ડો. દર્શનાબેન ભાનુશંકર ત્રિવેદી - પ્રિન્સીપાલ
- ડો. રાજેશકુમાર હસમુખભાઈ પટેલ - વાઈસ પ્રિન્સીપાલ